| | | | | |
|---|---|---|---|---|
| આંક | : | | | |
| દાખલ તારીખ | : | ૦૩ | ૧૦ | ૨૦૨૩ |
| નોંધ્યા તારીખ | : | ૦૩ | ૧૦ | ૨૦૨૩ |
| ફેંસલ તારીખ | | ૦૨ | ૦૪ | ૨૦૨૬ |
| સમય ગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | : | ૦૨ | ૦૫ | ૩૦ |

**મે.ના.શ્રી બીજા અધિક જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબની કોર્ટમાં**

**મુ. કલોલ, જી. ગાંધીનગર**

**ફોજદારી કેસ નંબર–૩૫૭૯/૨૦૨૩**

**ફરિયાદી** : શ્રી સરકાર
મારફતે : વિ.એ.પી.પી.શ્રી

વિરૂધ્ધ

**આરોપીઓ** : (૧) રાણાભાઈ ઉર્ફે રવિભાઈ માવજીભાઈ ચુનારા,
(૨) મેહુલભાઈ સન ઓફ રાણાભાઈ ઉર્ફે રવિભાઈ માવજીભાઈ ચુનારા,
બન્ને રહે. હરીનગર સોસાયટી બાવળા રોડ સાણંદ, તા.સાણંદ, જી. અમદાવાદ.
(૩) ગંગારામ અમરતભાઈ ચુનારા,
(૪) શીવરામભાઈ અમરતભાઈ ચુનારા,
બન્ને રહે. સોલા ભમરીયા છાપરા સુવાસ એપાર્ટમેન્ટની સામે અમદાવાદ

---

**નામદાર સુપ્રીમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S)1/2017 તથા ધ ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A- અન્વયેના નોટીફીકેશન નંબર–સી–૨૦૦૧–૯૩,તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રર્ફોમા મુજબ**

---

**ફોર્મ–એ**

| | | |
|---|---|---|
| તહોમતનામા મુજબ તહોમત | : | ઈ. પી. કો.ની કલમ– ૩૨૩, ૫૦૪,૫૦૬(૨),૪૦૩,૧૧૪ તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબ. |
| ફરિયાદી | : | શ્રી ગુજરાત સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી | : | વિ.એ.પી.પી.શ્રી પી.જી. આકવોડ |
| આરોપીઓ | : | (૧)રાણાભાઈ ઉર્ફે રવિભાઈ માવજીભાઈ ચુનારા,<br>(૨) મેહુલભાઈ સન ઓફ રાણાભાઈ ઉર્ફે રવિભાઈ માવજીભાઈ ચુનારા,<br>(૩) ગંગારામ અમરતભાઈ ચુનારા,<br>(૪)શીવરામભાઈ અમરતભાઈ ચુનારા |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી | : | શ્રી ડી.એચ.રાવળ |

**ફોર્મ–બી**

| | | |
|---|---|---|
| ગુનો બન્યા તારીખ | : | ૧૨/૦૩/૨૦૨૩ |
| ફરિયાદ તારીખ | : | ૧૩/૦૩/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | : | ૦૬/૦૭/૨૦૨૩ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | : | ૧૭/૦૫/૨૦૨૪ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | : | ૦૯/૦૩/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | : | ૦૨/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ<br>(જો કોઈ હોય તો) | : | ––– |

**<u>આરોપીની વિગત</u> :**

| | |
|---|---|
| આરોપીનુ નામ | (૧) રાણાભાઈ ઉર્ફે રવિભાઈ માવજીભાઈ ચુનારા,<br>(૨) મેહુલભાઈ સન ઓફ રાણાભાઈ ઉર્ફે રવિભાઈ માવજીભાઈ ચુનારા,<br>(૩) ગંગારામ અમરતભાઈ ચુનારા,<br>(૪) શીવરામભાઈ અમરતભાઈ |

| | |
|---|---|
| | ચુનારા |
| ધરપકડની તારીખ | ૧૬/૦૩/૨૦૨૩ |
| જામીન પર મુકત કરવામા આવેલ હોય તો તેની તારીખ | --- |
| કયા ગુનાના આક્ષેપો છે? | ઈ. પી. કો.ની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૪૦૩, ૧૧૪ તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબ. |
| નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર? | નિર્દોષ |
| શું સજા કરી? | -- |
| સી આર.પી.સી.ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલ છે? | -- |

## ફોર્મ–સી
## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદનુ લીસ્ટ

### (એ) ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો

| નં. | સાહેદનુ નામ | પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | રવીકુમાર નારણભાઈ દત્ત | ફરિયાદી | ૨૭ |
| ૨ | રીનલબેન નારણભાઈ દત્ત | સાહેદ | ૩૪ |
| ૩ | ભુમીકાબેન નારણભાઈ દત્ત | સાહેદ | ૩૫ |
| ૪ | માલતીબેન નારણભાઈ દત્ત | સાહેદ | ૩૬ |
| ૫ | નારણભાઈ ચંદુભાઈ દત્ત | સાહેદ | ૩૭ |

### (બી) બચાવ પક્ષ તરફે (જો હોય તો) :

| નં. | સાહેદનુ નામ | વિગત | આંક. |
|---|---|---|---|
| – | – | – | – |

**(સી) કોર્ટ તરફે (જો હોય તો) :**

| નં. | સાહેદનુ નામ | વિગત | આંક. |
|---|---|---|---|
| – | – | – | – |

**ફરિયાદપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવા :**

**(બી) <u>દસ્તાવેજી પુરાવા</u> :**

| નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૨૮ |
| ૨ | મુદામાલ પંચનામું | ૨૯ |
| ૩ | મેડિકલ સર્ટિ | ૩૦ |
| ૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૩૧ |
| ૫ | જાહેરનામું | ૩૨ |

આ કામે ફરિયાદ પક્ષે તરફથી આંક–૩૮ થી કલોઝીંગ પુરશીશ રજૂ કરેલ છે.

**બચાવપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજો**

| નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પડેલ દસ્તાવેજો**

| નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| – | – | – |

––––––––––––––––––––––––––––––––––––––

**-:: ઠ રા વ ::-**

(૧) આ કામના આરોપીઓ વિરૂધ્ધ ઈ. પી. કો.ની કલમ- ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૪૦૩, ૧૧૪ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનાના તહોમત મુકવામાં આવેલ છે.

(૨) આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૧૨/૦૩/૨૦૨૩ ના ક.૧૩:૦૦ વાગ્યાના સુમારે મોજે નાંદોલી ગામ ચૂનારા વાસમાં આ કામના ફરિયાદીના પત્ની પુજાબેન છેલ્લા એક વર્ષથી રીસાઈને બેઠા હોય તેને તેડી જવા તેમજ સમાધાનની વાતચીત કરવા સારૂ બન્ને પક્ષ નાંદોલી ગામ ખાતે ચૂનારા વાસમાં ભેગા થયેલ હોય જયાં સમાધાનની વાતચીત દરમ્યાન આ કામના આરોપીઓ ફરીયાદી તેમજ સાહેદ ઉપર ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી શરીરે ગડદાપાટુનો માર મારી આ કામના આરોપી નં.૧ તથા આરોપી નં .૨ લાકડી તેમજ ધોકાથી ફરીયાદીને માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ અને આ ઝગડા દરમ્યાન ફરીયાદીશ્રીનો મોબાઈલ પડી ગયેલ હોય અને આ કામના આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી જીલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી, ઉપરોકત મુજબના ગુના કરેલ છે.

(૩) આ કામે ફરિયાદીની ફરિયાદના આધારે ગુનો દાખલ થતા, તે અન્વયે તપાસ કરનાર અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, પંચો રૂબરૂ બનાવવાળી સ્થાનીક જગ્યાનું પંચનામુ કરી, આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરાવો જણાતા, તપાસના અંતે

આરોપી વિરૂઘ્ધ ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૪) આ કામના આરોપીઓ વિરૂઘ્ધ સી આર.પી.સી.ની કલમ–૨૦૪ અન્વયે જારી કરવામાં આવેલ સમન્સ બજી જતાં, આરોપીઓ અદાલત રૂબરૂ હાજર થયેલ. આરોપીઓને સી આર.પી.સી.ની કલમ–૨૦૭ પ્ર માણે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલ છે. આરોપીઓ સામેના ગુનાની મહત્તમ સજાની જોગવાઈ જોતાં સદર ગુનો સી આર.પી.સી.ની કલમ–૨(એકસ) અન્વયે વોરંટ કેસ હોય, કાર્યરીતીના પ્રકરણ–૧૯ અન્વયે પોલીસ રેકર્ડ પરથી રજૂ વોરંટ કેસની ઈન્સાફી કાર્યવાહી અનુસરવામાં આવેલ છે. સી આર.પી.સી.ની કલમ–૨૪૦ મુજબ **આંક–૪**થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. સદર તહોમતનામું આરોપીઓને વાંચી સંભળાવી તેમનું પ્રાથમીક નિવેદન **આંક–૫** થી **આંક–૮** નોંધેલ છે. આરોપીઓએ તેમના વિરૂઘ્ધના આરોપોનો ઈન્કાર કરેલ છે. જેથી આરોપીઓ વિરૂઘ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી, સી આર.પી.સી.ની કલમ–૨૪૨ અન્વયે ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૫) ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ઉપરોકત જણાવેલ ફોર્મ–'સી' મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

(૬) આ કામે ફરિયાદી પક્ષને વિશેષમાં સાહેદ કે કોઈ લેખિત –મૌખિક પુરાવો આપવાનો ન હોય તથા આ સદર કેસમાં કોઈ વધુ પુરાવા આપવા ન માંગતા હોવાથી વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**<u>ફરિયાદપક્ષના પુરાવાનું સમાપન અને આરોપીનું વિશેષ નિવેદન</u> :**

(૭) ફરિયાદ પક્ષે ઉપરોકત મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયા બાદ આ કામે **આંક-૩૮** થી કલોઝીંગ પુરશીશ રજુ કરી છે અને તેમાં જણાવેલ છે કે, સદર કામે તેઓ ફરીયાદ પક્ષના કેસમાં હવે વધુ કોઈ લેખીત કે મૌખીક પુરાવો આપવા માંગતા નથી. આ કામે આરોપી સમક્ષ ખુલાસા/જવાબ માટે મુકવી પડે તેવી હકીકત રેકર્ડ પર ન હોઈ, સી આર.પી.સી.ની કલમ-૩૧૩ હેઠળ આરોપીના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૮) સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો ધ્યાને લીધી.

(૯) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**<u>-:: મુદા ::-</u>**

:૧: શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર સાબીત કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૧૨/૦૩/૨૦૨૩ ના ક.૧૩:૦૦ વાગ્યાના સુમારે મોજે નાંદોલી ગામ ચૂનારા વાસમાં આ કામના ફરિયાદીના પત્ની પુજાબેન છેલ્લા એક વર્ષથી રીસાઈને બેઠા હોય તેને તેડી જવા તેમજ સમાધાનની વાતચીત કરવા સારૂ બન્ને પક્ષ નાંદોલી ગામ ખાતે ચૂનારા વાસમાં ભેગા થયેલ હોય જયાં સમાધાનની વાતચીત દરમ્યાન આ કામના આરોપીઓ ફરીયાદી તેમજ સાહેદ ઉપર ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી શરીરે ગડદાપાટુનો માર મારી આ કામના આરોપી નં.૧ તથા

આરોપી નં.ર લાકડી તેમજ ધોકાથી ફરીયાદીને માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ અને આ ઝગડા દરમ્યાન ફરીયાદીશ્રીનો મોબાઈલ પડી ગયેલ હોય અને આ કામના આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી જીલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી,ઈ. પી. કો.ની કલમ–૩ર૩, ૫૦૪, ૫૦૬(ર), ૪૦૩, ૧૧૪ તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

:ર: શું હુકમ?

**(૧૦)** ઉપરોકત મુદાઓ ઉપરના મારા નિર્ણયો નીચે મુજબના છે.

:૧: નકારમાં,

:ર: આખરી હુકમ મુજબ.

**<u>–:: કા ર ણો ::–</u>**

**(૧૧)** પુરાવા અધિનિયમ ૧૮૭રની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ હાલના કેસની સાબિતીનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે. તે દૂર કરવા ફરિયાદપક્ષ ઘ્વારા ઉપર નોંધેલ ફકરા નંબર–૫ મુજબ મૌખિક પુરાવો અને ફકરા નંબર–૬ મુજબ લેખિત પુરાવો રેકર્ડ પર રજૂ કરેલ છે. વિ.એ.પી.પી.શ્રીની દલીલો ઘ્યાને લીધી. કાયદાના લાગુ પડતા પ્રબંધો ઘ્યાને લીધા.

**<u>મુદ્દા નંબર–૧ તથા ૨</u>. :–**

**(૧૨)** ફરિયાદ પક્ષે તપાસેલ ફરિયાદી–રવીકુમાર નારણભાઈ

દત્તનાઓને **આંક–૨૭ થી** સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓના લગ્ન વર્ષ–૨૦૨૧માં સાંણદ મુકામે રાણાભાઈ માવજીભાઈ ચુનારાની દીકરી પુજા સાથે થયેલા. અને પુજા લગ્ન બાદ તેઓના ઘરે રહેવા માટે આવેલી. ત્યારબાદ તે ઘરકામ બાબતે મનદુખ થતા રીસાઈને તેના પીયર પિતાના ઘરે જતી રહેલી ત્યારબાદ વર્ષ–૨૦૨૩ના માર્ચ મહીનામાં નાંદોલી ગામે રહેતા કાંતીભાઈ મેરુભાઈ ચુનારાના ઘરે પુજા ને તેડી લાવવા માટે વાતચીત કરવા અને સમાધાન કરવા સારું તેઓ તથા તેમના પિતા તથા અમારા કુટુંબના માણસો તથા મારા મામા વિગેરે માણસો ગયેલા અને તે સમયે સામે પક્ષે તેઓની સાસરીના માણસો પણ આવેલા અને સમાધાનની વાતચીત ચાલતી હતી તે દરમ્યાન સમાધાન ન થતા બધા વિખેરાઈ ગયેલા. અને સમધાન ન થયેલ હોય અને તેઓને વાંરવાર ધકકા ખાવા પડતા હોય તેઓ પુજાના પીયર પક્ષના માણસો સામે ફરીયાદ કરેલી. તેઓને ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં તેઓની સહી છે. જે અસલ ફરીયાદને દાખલ **આંક–૨૮**થી રજુ છે. બનાવ સમયે લોકોનું ટોળુ ભેગુ થઈ જતા ઝપાઝપીમાં તેઓને ઈજાઓ થયેલ અને ગાંધીનગર સીવીલ હોસપીટલમાં સારવાર કરાવેલી હતી. બનાવના દીવસે પુજાને તેડવા બાબતે સામાન્ય વાતચીત થયેલી તે સિવાય બીજું કાંઈ બનેલુ નહી. તેમજ કોઈએ કોઈને માર મારેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. તેઓ અને પુજાના છુટાછેડા થઈ ગયેલ છે. તેઓને આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે. ફરિયાદીએ તેમની ફરિયાદ મુજબની જુબાની આપેલ ન હોઈ, સરકારશ્રી તરફે વી.એ.પી.પી.શ્રીએ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી, ઉલટ તપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસામાંથી પણ આોરપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવી કોઈ હકીકત જણાય આવતી નથી.

**(૧૨.૧)** બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓના ઘરમેળે આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે. બનાવ સમયે આરોપીઓ તેઓને તથા તેઓના પિતા અને તેઓની બે બેનો તથા તેઓની માતાને ગાળો બોલી માર મારી ઈજાઓ પંહોચાડી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી.

બનાવ સમયે તેઓ પાસે થી કોઈ વસ્તુ કે તેઓનું એકટીવા કોઈએ ઝુંટવી લીધેલ હોય તેવુ બનેલ નથી.

(૧૩) ફરિયાદ પક્ષે તપાસેલ સાહેદો પૈકી સાહેદ–રીનલબેન નારણભાઈ દત્તને **આંક–૩૪થી,** સાહેદ–ભુમીકાબેન નારણભાઈ દત્તને **આંક–૩૫થી,** સાહેદ–માલતીબેન નારણભાઈ દત્તને **આંક–૩૬થી,** સાહેદ–નારણભાઈ ચંદુભાઈ દત્તનાઓને **આંક–૩૭ થી** સોગંદ ઉપર તપાસેલ છે. સદર સાહેદોએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં એક સરખી હકીકતો જણાવે છે કે, આ કામના ફરીયાદી તેઓના કુંટુંબી થાય છે. તેના લગ્ન વર્ષ–૨૦૨૧માં સાંણદ મુકામે રાણાભાઈ માવજીભાઈ ચુનારાની દીકરી પુજા સાથે થયેલા. પુજા લગ્ન બાદ તેઓના ઘરે રહેવા માટે આવેલી. ત્યારબાદ તે ઘરકામ બાબતે મનદુખ થતા રીસાઈને તેના પીચર પિતાના ઘરે જતી રહેલી ત્યારબાદ વર્ષ–૨૦૨૩ના માર્ચ મહીનામાં નાંદોલી ગામે રહેતા કાંતીભાઈ મેરુભાઈ ચુનારાના ઘરે પુજા ને તેડી લાવવા માટે વાતચીત કરવા અને સમાધાન કરવા સારું તેઓના કુટુંબના માણસો વિગેરે માણસો ગયેલા અને તે સમયે સામેપક્ષે ફરિયાદીના સાસરીના માણસો પણ આવેલા અને સમાધાન ની વાતચીત ચાલતી હતી તે દરમ્યાન સમાધાન ન થતા બધા વિખેરાઈ ગયેલા અને સમધાન ન થયેલ હાય અને તેઓને વાંરવાર ધકકા ખાવા પડતા હોય ફરિયાદીએ પુજાના પીચર પક્ષના માણસો સામે ફરીયાદ કરેલી. ફરીયાદ સંદર્ભે પોલીસે તેઓનો જવાબ લીધેલો. બનાવ સમયે ઘણાબધા માણસો ભેગા થયેલા હોય ધકકામુકકીમાં પડી જવાથી ફરિયાદીને ઈજાઓ થયેલી હતી અને તેણે સારવાર કરાવેલ હતી. બનાવના દીવસે પુજાને તેડવા બાબતે સામાન્ય વાતચીત થયેલી તે સિવાય બીજું કાંઈ બનેલુ નહી. ફરિયાદી અને પુજાના છુટાછેડા થઈ ગયેલ છે. અમારે આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે. સદર સાહેદે તેમના ફરિયાદપક્ષને સમર્થનકારી જુબાની આપેલ ન હોઈ, સરકારશ્રી તરફે વી.એ.પી.પી.શ્રીએ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી, ઉલટ તપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસામાંથી પણ આોરપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવી કોઈ હકીકત જણાય આવતી નથી.

(૧૩.૧) બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ

હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. તેઓને આરોપીએ કોઈ ગાળ બોલી, માર મારી, ઈજાઓ પહોંચાડી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી.

**(૧૪)** આ કામે આરોપી વિરૂધ્ધના આક્ષેપિત ગુનાના તત્વોને ધ્યાને લેતાં તથા રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન કરતા, આરોપીઓ અને ફરિયાદી વચ્ચે ઘરમેળે કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ છે. ફરિયાદપક્ષે ફરિયાદીના રજુ ઈજા અંગેના પ્રમાણપત્રો જોતા ફરિયાદીને ઈજાઓ થયેલ હોવાનુ જણાઈ આવે છે. પરંતુ આ ઈજાઓ આ કામના આરોપીઓએ પહોં ચાડેલ હોવાની હકીકત રેકર્ડ પરથી જણાઈ આવતી નથી. વધુમા ફરિયાદપક્ષે તપાસેલ ફરિયાદીની સાથે આરોપીઓને સામાન્ય બોલાચાલી થતા, ઘણા બધા માણસો એકઠા થઈ જતા, ધકકા મુકકી થતા ફરિયાદીને ઈજા થયેલ છે. જે અન્વયે તેઓએ સારવાર લીધેલ. જે હકીકત આંક–૩૦થી રજુ ઈજા અંગેનુ સર્ટીફીકેટ જોતા જણાઈ આવે છે. પરંતુ તેઓને થયેલ ઈજાઓ આ કામના આરોપીઓએ કરેલ હોવાનુ જણાઈ આવતુ નથી. જે સંજોગોમાં રેકર્ડ પર આક્ષેપિત ગુનાની તાત્વીક હકીકતનો અભાવ જણાય આવે છે. પુરાવાને સમગ્ર રીતે લક્ષમાં રાખી મુલવતા, ફરિયાદપક્ષ ધ્વારા આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુનો શંકાથી પરે સાબિત કરી શકેલ નથી. જે સંજોગોમાં એવું જણાય આવે છે કે, પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોય અને આ કામે **આંક–૩૮**થી સમાધાન પુરશીસ રજુ કરેલ છે. જે તમામ હકીકતો તથા ઉપર કરેલ ચર્ચા તેમજ રજુ થયેલ મૌખિક તથા લેખિક પુરાવો ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુનો પુરાવાના અભાવે શંકાથી પરે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ અદાલતએ સિધ્ધાંત સુવિદીત છે કે માત્ર એક સાહેદનો પુરાવો સુદ્રઢ, વિશ્વસનીય અને શંકાથી પરે હોય તો તેના ઉપર આધાર રખી શકાય. પરંતૂ જયારે પુરાવામાં શંકા

ઉદભવે ત્યારે તેનો સીધો લાભ આરોપીને મળવા પાત્ર થાય છે. જે સંજોગોમાં ઉપરોકત તમામ હકીકત નજર સમક્ષ રાખતા આ કામે પુરાવાનો અભાવ છે. જેથી શંકા ઉદભવે છે. જેથી એવું ઠરાવવામાં આવે છે કે ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધના ગુના શંકા પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી મુદા નંબર–૧ નો નિર્ણય ''**નકાર**''મા આપવામા આવે છે અને મુદા નંબર–ર પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ પસાર કરવામાં આવે છે.

**–:: આખરી હુ ક મ ::–**

**(૧)** આ કામના આરોપીઓ (૧) રાણાભાઈ ઉર્ફે રવિભાઈ માવજીભાઈ ચુનારા, (ર) મેહુલભાઈ સન ઓફ રાણાભાઈ ઉર્ફે રવિભાઈ માવજીભાઈ ચુનારા,બન્ને રહે. હરીનગર સોસાયટી બાવળા રોડ સાણં દ, તા.સાણંદ, જી. અમદાવાદ (૩) ગંગારામ અમરતભાઈ ચુનારા, (૪) શીવરામભાઈ અમરતભાઈ ચુનારા, બન્ને રહે. સોલા ભમરીયા છાપરા સુવાસ એપાર્ટમેન્ટની સામે અમદાવાદનાઓને સી આર.પી.સી.ની કલમ–ર૪૮(૧) મુજબ–૩ર૩, ૫૦૪,૫૦૬(ર),૪૦૩,૧૧૪ તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(ર)** આ કામના આરોપી ધ્વારા અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા સારૂ સી આર.પી.સી.ની કલમ–૪૩૭(એ)મુજબ રજુ કરેલ રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા આ હુકમની તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** ક્રિમીનલ મેન્યુઅલ પારા–૩૪૯(૧) મુજબ આંકે ન પડેલ કાગળો

અપીલ/રીવીઝનનો નિર્ણય/નિકાલ થયા બાદ પોલીસ સ્ટેશને પરત કરવા.

(૪) ફોર્મ–બી (બે ટેબ્યુલર સ્ટેટમેન્ટ) ફોજદારી મેન્યુઅલના નિયમ–૧ ૭૯(એ)(૧) (૨) મુજબ આ ઠરાવના ભાગ તરીકે સાથે સામેલ રાખેલ છે.

હુકમ આજ રોજ **તા. ૦૨ જી, માહે–એપ્રીલ, સને–૨૦૨૬**ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૨/૦૪/૨૦૨૬**
**કલોલ, જી.ગાંધીનગર**

**(*વી. એચ. ઠક્કર*)**
**બીજા અધિક સિવિલ જજ, કલોલ,**
**જી.ગાંધીનગર. જીજે ૦૧૬૯૬**